॥ શ્રી ગણેશાય નમઃ ॥



સંવત ૨૦૩૬ના માગશર સુદ-૧૫ પુનમને

સોમવાર તા. ૩-૧૨-૭૯ ના રોજ

# શ્રી પાટણવાડા વણકર પંચ

અડસઠ (૬૮) ગામના પરગણાના

વણકર પંચે કંબોઈ મુકામે કરેલા ઠરાવો.

વીરમાયો



# બંધારણ

—: પંચ મળ્યાનું સ્થળ :—

કંબોઇ તા. ચાણસ્મા. (ઉ. ગુ.)

તા. ૩-૧૨-૭૯ સોમવાર

હિના પ્રિન્ટર્સ, ત્રણ દરવાજા, ઘીકાંટા પાસે, પાટણ.

॥ શ્રી ૧ ॥

કુંભોઈ

તા. ૩-૧૨-૭૯

સંવત ૨૦૩૬ ના માગશર સુદ-૧૫ પૂનમને સોમવાર તા. ૩-૧૨-૭૯ ના રોજ શ્રી પાટણ વાડા વણકર પંચ અડસઠ (૬૮) ગામના પરાગણાના વણકર પંચે કુંભોઇ મુકામે કરેલા ઠરાવો નીચે મુજબ છે.

# બંધારણ

## * સગાઈની વિગત *

૧ સગપણ કરતી વખતે કન્યાનો બાપ વરના બાપને એક રૂપીયો આપે.

૨ વેવાઈવટ કરવા જવું સગો સગાને ઘેર જઈ શકે છે. બન્ને પક્ષો આલમેલ અને ઓઢામણાં કરવાં.

૩ સગાઇ મેળવણીઆને બંન્ને પક્ષો પાંચ પાંચ રૂપીયા આપવા

૪ લગ્ન લેવા જવાની જાણ પત્રથી કરવી. લગ્ન લેવા બે આદમી જાય લગ્ન વધાવતી વખતે કન્યાના બાપે એક રૂપીયો આપવો. લગ્ન એક રાત રહેશે લગ્ન વખતે ગામે કન્યા પક્ષ તરફથી કોઇને જમવાનું નુતરૂં દેવું નહિં. ઓઢામણું કરવું. બ્રાહ્મણ કે તુરીને કાંઈ આપવું નહી જાનની સાથે કન્યા પક્ષ તરફથી જે નુતરાં દેવામાં આવતાં હતાં તે સદંતર બંધ કરવામાં આવે છે.

૫ લગ્નની વાર તિથી એટલે જાન જવાની વાર તિથી લગ્ન લેવા જાય તે વખતે બન્ને પક્ષો મળીને નક્કી કરવી. અગવડના કારણે ફેરફાર કરી શકાશે.

૬ વંધડ ચાલુ કરવામાં આવે છે.

૭ સગાઈ તોડનારે પત્રથી ખબર સગાઇ કરાવનારને આપવી. તેમણે મુળ ધણીને ખબર આપવી

૮ સગાઇ તોડનારનો રૂપિયા (૨૫) અંકે પચીસ રૂપીયા પુરા દંડ લેવામાં આવશે.

## =: જાનની વિગત :=

૧ જાનમાં વર, ઢોલી, સરણાઈ વિગેરે સાથે ત્રીસ (કુલ ત્રીસ) માણસો જાય. છોકરાં પણ ગણત્રીમાં લેવામાં આવશે તેમને વર સાથે એકી સાથે જમાડવાં નુતરા સાથે બેસાડવા નહી. જાન સાથે બ્રાહ્મણ લઇ જવો બંધ છે.

૨ જાનમાં ઢોલ લઇ જવાની છૂટ છે બીજા પરગણામા જાન લઇ જવાના પ્રસંગે તે પરગણાંના નિયમ પ્રમાણે વાજીંત્રો લઈ જવાં.

૩ વોળાવ લઇ જવા હોય તો છૂટ છે. પણ તે અંગે કન્યા પક્ષો વોળાવ અંગે કાંઇપણ જાનમાંથી લેવાનું નથી

૪ જાન આવે ત્યારે ગાંદરે કે ઝાંપે બેસાડયા સિવાય સીધાજ ઉતારે લઇ જવી. વરને ઝાંપાના તોરણે બેસાડી તરતજ પુખવાની વિધી કરવી. આઓખો લઈ આવનારે મુરતીયાને ચાંલ્લો કરી જાની વાસે લઇ જવો. વસ્તીએ પુખવા માટે ઝાંપે જવું નહીં એક માંડવે બે જાનો હોય કે એક ગામમાં બીજી જાનો હોય તો

જેમ આથે તેમ ઉતરે લઈ જવી. એકજ માંડવે હોય તો સાથે સાથે વરને પુંખવા અને જમણ સાથે આપવું આ વિધિમાં બ્રાહ્મણ લઈ જવાનો છે.

૫ માંડવાના તોરણે વરને પુંખવો નહિ અને વરને પીઠી પણ ચોળવી નહિ.

૬ પરણેતર પછી કન્યાને જાનીવાસે લઈ જવી નહિં.

૭ લગ્ન થઈ ગયા પછી જાની વાસે ગીતો ગાવા જવાનું નથી.

૮ ફકત કન્યા માટેજ મોડીયો લાવવાનો છે વર માટે મોડીયો લાવવાનો નથી

૯ લગ્નના તમામ પ્રસંગે લગ્નનાં ગીત ગાવાં, ફટાણાં ગાવા નહી. લગ્નના તમામ પ્રસંગે જેવાં કે પરણેતર, ગણેશ માંડવા, પીઠી ચોળવી વિગેરે પ્રસંગે કન્યા કે વરને તેડવા નહિ.

૧૦ જાનને સીધીજ વોળાવવી ઝાંપે કે ગાંદરે બેસાડવી નહી. માંડવો વધાવતિ વખતે બાજવટ અને દીવો આપવો.

## =: ભાણાંની વિગત :=

૧ દાપાના રૂપીયા ૫૫૧/- અંકે પાંચસો એકાવન પુરા ભાણે ભરવા-બીજું કંઈ આપવું નહિ, આ વિધીમાં બ્રાહ્મણને બોલાવવો.

૨ લગ્ન વીધીના રૂપીયા ૧૧/- અંકે અગીયાર પૂરા બ્રાહ્મણને આપવા. માંડવે બે જાનો હોયતો દરેકે જુદા જુદા આપવાં. આ રકમ વર પક્ષે આપવાની છે.

૩ સાધુ, બ્રાહ્મણ કે બાવાને કંઈજ આપવાનું નથી.

૪ તુરી જે ગામમાં રહેતા હોય તે ગામમાં એક રૂપિયો આપવો. તુરી રહેતા ન હોય તો કંઈ આપવાનું નથી. વર પક્ષે આપવો.

૫ માથાના બે રૂપીયા આપવાં અને તે રૂપીયાનું પાછળથી શ્રીફળ લાવી ચઢાવી દેવું.

૬ પાટણમાં જાન જાય તો એક રૂપીયો પદ્મનાથનો આપવો.

૭ જે ગામમાં મંદિર હોય તે ગામમાં મંદિરનો એક રૂપિયો આપવો.

૮ પ્રભાતી અને ટીપણું સદંતર બંધ કરવામાં આવે છે.

૯ ભાણાં વખતે પણ ગોર ગામોટને કંઈજ આપવાનું નથી.

૧૦ બ્રાહ્મણ અને નાયકને (૨૫) પચીસ પૈસા ઘર દીઠ આપવાનાં છે.

૧૧ સગાઈ કરાવનારને ભાણા વખતે કંઈપણ આપવું નહી.

૧૨ કેળવણી ફંડના બબે રૂપીયા બન્ને પક્ષે આપવાના છે. આ રકમ સિદ્ધપુરનાં મેળામા લેતા આવવી

૧૩ ભાણાં વખતે વરને ચાંલ્લો કરવો. ગલાલ બંધ કરવામાં આવે છે.

૧૪ પંચ મોસાળું આપવાનું નથી.

૧૫ ભાઈ, દાઈ, સગાં, વાસ વસ્તીને જાન આવે ત્યારથી તે જાય ત્યાં સુધી કંઈજ આપવાનું નથી કાંઈપણ આપવાનું સદંતર બંધ છે.

૧૬ મંડળના નામે કે જગાના નામે કંઈપણ આપવાનું નથી.

## =: વળતર :=

૧ વળતરમાં કાન માટે પાવલી ભારની બે કડીયો અને સોનાનો રવો તથા ચાંદીની જીવન દોરી આપવી. આ વળતર ફરજીયાત છે.

૨ દીવા, બાજવટનું કંઇપણ આપવાનું નથી.

૩ દાગીનાનો હકક વર પક્ષનો ગણાશે.

## =...જમણ અને બીજી વિગતો ...=

૧ જાનના જમણમાં આવે તે રાત્રે ચોખ્ખા ઘીનો શીરો અને દાળ ભાત આપવું. બીજા દીવસે બપોરે ખીચડી અને શાક ઘી સાથે આપવું (ઘી ચોખ્ખું વાપરવાનું છે)

૨ જાન એક રાત રહેશે.

૩ કન્યા સાથે અણવર મોકલવો. તેને ધોતીયું ઓઢાડવું તથા આલમેલ કરવી

૪ પરણેતર આણું સાત દીવસે એક આદમીએ મુકવા જવું. તેની આલમેલ કરવી, મુહુર્ત બાબતમાં આગળ પસ્તાનું કરવું.

૫ ચાલ્લાં કરવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

૬ ઉજણાં વખતે કન્યાને આંટી પહેરાવવી. છાશ ઉછાળવાની બંધ કરવામાં આવે છે.

## =: આણાંની વિગત :=

૧ પહેલું આણું તેડવા માટે પંદર દિવસ અગાઉ કાગળ લખી જણાવવું.

૨ આણું તેડવા માટે એક આદમી જાય, તે કન્યા પક્ષને રૂપીયા ૧૫૧/- અંકે એકસો એકાવન પુરા આપે આણું તેડવા આવનારની આલમેલ કરવી.

૩ તેડવા જનાર એક રાત રહેશે.

૪ પહેલું આણું નવ દિવસ રહેશે. મુહુર્ત બાબતમાં આગળ પસ્તાનું કરી લેવું.

૫ વળતું આણું તેડવા એક આદમી જાય. તેની આલમેલ કરવી.

૬ પહેલાં આણાંમાં બે જોડ કપડાં આપવાં.

૭ બીજુ આણું તેડવા જનારની આલમેલ કરવી.

## =। સાજનાની વિગત ।=

૧ સાજનાનું સગપણ કરવા બે અદમી જાય. તેમણે સગપણ પેટે એક રૂપીયો હાંસડીનો કરીને આપવો. હાંસડી કે કોઈ દાગીનો આપવો નહી સગપણ કરવા આવનાર એક રાત રહેશે વહેલા જવાની છુટ છે સગાઈ કરવા આવનારની આલમેલ કરવી

૨ સાજનાનું આણુ તેડવા મુરતીયા સહીત પાંચ માણુસો જાય. મુરતીયાને ધોતીયુ ઓઢાડવું અને બીજાઓની આલમેલ કરવી

૩ સાજનાના મહેમાનોને ગમે તે જમણ આપવાની છુટ છે.

૪ સાજનાના મહેમાનો એક રાત રહેશે

૫ સાજનાના દાપાના રૂપીયા ૪૫૧/- અંકે ચારસે એકાવન પૂરા ભાણે ભરવ. બીજુ કંઈપણ આપવું નહી.

૬ બ્રામણ, બાવા કે સાધુ, તુરીને કંઈજ આપવાનું નથી.

૭ પલ્લામા વર પક્ષ તરફથી જે દર દાગીના અને કપડાં લાવે તે સ્વીકારી લેવાં

૮ પલ્લ ઉપર કાંઈ આપવું નહી

૯ પલ્લુ બૈરાં થાળમાં મુકીને લઈ જાય અને બૈરાંને પાંચ રૂપિયા આપવાં. બીજુ કઇ આપવુ નહી. બ્રામણને બોલાવવો પંચ મોસાપુ કે બીજું કંઈજ આપવનું નથી.

૧૦ ગાંદરે કે વાસ-વસ્તીમા કે ભાઈ-દાઈ સગાં વિગેરે કોઇને કાંઇજ આપવનું નથી

૧૧ કન્યાના બાપે વળતરમાં એક જોડ કપડાં આપવાં.

૧૨ સાજનનુ આણું તેડવા પદર દીવસે જવું. તેડવા જનારે આલમેલ કરવી

૧૩ સાજનાના માણુસો તથા આણુ સીધુજ મોકલી દેવું. ગાંદરે કે ઝાંપે બેસાડવા નહીં

૧૪ કેળવણી ફંડમાં બબે રૂપિયા લેવાં

૧૫ ગામમાં મદિર હોય તો એક રૂપીયો આપવો. તે સિવાય કોઈને કંઈજ આપવુ નહીં.

## * મામેરૂં તથા મામા મોળીયાની વિગત *

૧ મામેરૂં કે મામા મોળીયામાં મા, બાપ, સગા ભાઇઓ ભૈરાં, છોકરાં, બહેન, ભાભી વિગેરે જઇ શકે છે.

૨ કાકાના દીકરાએ રૂપિયા એકાવન કરતાં વધારે આપવું હોય તોજ જઈ શકે છે સાડલો, ધોતીયું મોકલવું હોયતો બીજા સાથે મોકલી શકે છે. ભૈરાં સાથે હોયતો સાડલો લેવો બીજા સગાને ઓઢામણાં કરવાં.

૩ મોસાળ પક્ષ તરફથી કપડાં. દાગીના વિગેરે જે આપે તે સ્વીકારી લેવાં. બ્રામણને બોલાવવો.

૪ વરવાઘામાં :— કોટ, પાટલુન અને ટોપી નકકી કરવામાં આવે છે વરવાઘો ઘર ધણીયે લાવવાનો છે મોસાળ પક્ષ તરફથી સમજીને જે રકમ આપે તે સ્વીકારી લેવાની છે. ( બીજા પરગણમાં જાન લઈ જવાના પ્રસંગે જે તે પરગણાનો વરવાઘો પહેરવાનો છે )

૫ પંચ મોસાપું બ્રામણ, સાધુ બાવાને કાંઈજ આપવું નહી.

૬ મામેરા કે મામા મોળીયાએ વાસ, વસ્તી કે ભાઇ, દાઇ, સગાંને કાંઇ આપવું નહીં

૭ મામેરા કે મામા મોળીયાએ વાસ, વસ્તીમાં કે બીજે કયાંય રહેવું નહીં અને કાંઈ આપવું નહીં.

૮ દહેજ આપવું હોયતો બંધારણ પ્રમાણે રૂા. ૫૫૧/- અંકે પાંચસો એકાવન પુરા આપવાં. નારીની છુટ છે.

## * છુટા છેડાના વિગત *

૧ બીજા પરગણાની ફારગતી હોય તો વચ્ચે ભાંજગડીયા ઉતારી ગમે ત્યારે ફારગતી કરવાની છૂટ છે.

૨ સિધ્ધપુરના મેળામાં અરજીયો લેવી, અરજીયોનો યોગ્યતે નિકાલ કરી સંતોષ આપવો.

૩ મુરતીયો નાશી જાય તો ત્રણ વર્ષે મફત છૂટા છેડા લઇ શકાશે.

૪ બન્ને પક્ષ પૈકી કોઇપણ ગેરહાજર હોય તો પરગણાને યોગ્ય લાગે તે નિકાલ કરવો, તેની જાણ ગેરહાજર પક્ષને કરવી

## * સામાન્ય વિગત *

૧ જે ગામમાં લેત-દેત સંબંધી ગુનો થાય તેની જાણ પરગણાને કરવી. ગુનેગાર માટે પરગણાની કલમ બજાવી પરગણામાં કાગળો લખવાં જે ગામમાં ગુનો થાય થાય છતાં પરગણાને ખબર નહિ આપે તો તે ગામ ગુનેગાર ગણવામાં આવશે. કાગળથી પરગણાને ખબર આપે તો ગામ ગુનેગાર ગણાશે નહિ.

૨ બેન, દીકરીને ત્યાં જવાના પ્રસંગે આલમેલ કરવી. વેવાઈ કે વેવાણની તમામ આલમેલ કરવી.

૩ જાન, સાજના કે આણાંના રીવાજના ભંગ બદલ રૂા ૫૧/- અંકે એકાવન રૂપીયા પુરા દંડ કરવામાં આવશે.

૪ છુટાછેડા લેનારના રૂા. ૫૧ અંકે એકાવન રૂ.પુરા દંડ લેવામાં આવશે.

૫ કન્યા દાન આપવાની છૂટ છે

૬ લગ્ન, આણું કે સાજનાના પ્રસંગે ઠરાવેલ દાપા સિવાય ઘરમાં કે બીજે ક્યાંય કશુંજ આપવાનું નથી

૭ વરની શોભા માટે કલગી કે ખુંપ લાવચો નહી. ફક્ત ફુલહાર પહેરાવવો. અને તે ઘરનો જ ખરીદવો.

૮ કન્યા ત્યાંનું દહેજ :—

જે પરગણાની કન્યા હોય તેના બંધારણ (પત્રિકા) ની કલમ ૧ થી છેલ્લી કલમ સુધી પાળવી. મામા મોળીયામાં દહેજની રકમ લેવાના પ્રસંગે આપણાં પરગણાનું ભાણું ભરાતું હોય તો આપણું દહેજ લેવુ તથા બીજા પરગણામાં જાન જતી હોયતો ત્યાં જે ભાણામાં દહેજ ભરાતું હોય તે પ્રમાણે દહેજ લેવું

જે કોઈ પરગણું કન્યા ત્યાંનું દહેજ પાળતો હોય તેની સાથેજ લેત-દેત કરવી તે સિવાય લેત-દેત કન્યાની કરવી નહી, આ સિવાય લેત-દેત કરનાર ગુનેગાર ગણાશે.

આ બંધારણનો ચુસ્તપણે અમલ કરવાનો છે ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

ઠરાવ કરનાર

મુ. કંબોઈ

**શ્રી પાટણ વાડા વણકર પંચ**

તા. ચાણસ્મા

(૬૮) અડસઠ ગામના

તા. ૩-૧૨-૭૯

પરગણાનું વણકર પંચ